ગુજરાતમિત્ર

# ગતિવિધિ

## રાષ્ટ્રીય ટપાલ સપ્તાહની ઉજવણી 07મી થી 11મી ઓક્ટોબર 2024 સુધી કરવામાં આવશે




વડોદરા : 1874 માં યુનિવર્સલ પોસ્ટલ યુનિયન (યુપીયુ) ની સ્થાપનાની વર્ષગાંઠના અનુસંધાન માં દર વર્ષે 9મી ઓક્ટોબરે વિશ્વ પોસ્ટ દિવસ ઉજવવામાં આવે છે. વિશ્વ પોસ્ટ દિવસનો હેતુ લોકો અને વ્યવસાયોના રોજિંદા જીવનમાં પોસ્ટની ભૂમિકા વિશે જાગૃતિ લાવવાનો છે., તેમજ વૈશ્વિક, સામાજિક અને આર્થિક વિકાસમાં તેમનું યોગદાન વિષે પણ જણાવવાનો છે. આ વર્ષની વિશ્વ પોસ્ટ દિવસની થીમ છે સંચારને સક્ષમ કરવાના 150 વર્ષ અને સમગ્ર રાષ્ટ્રોમાં લોકોને સશક્તિકરણ. વિશ્વ ટપાલ દિવસની ઉજવણીના ભાગરૂપે, દર વર્ષે ભારતમાં રાષ્ટ્રીય ટપાલ સપ્તાહ ઉજવવામાં આવે છે. આ વર્ષે રાષ્ટ્રીય ટપાલ સપ્તાહની ઉજવણી 07મી થી 11મી ઓક્ટોબર 2024 સુધી ઉજવવામાં આવશે

## વિકાસ સપ્તાહ અંતર્ગત વિવિધ વિષયો પર વકતૃત્વ અને નિબંધ સ્પર્ધાનું આયોજન

**વડોદરા** : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૨૩ વર્ષના કાર્યકાળ દરમ્યાન નેતૃત્વ અને રાષ્ટ્ર સેવાના જીવન મંત્ર વિશે શાળાના બાળકો પણ અવગત થાય તેવા હેતુથી રાજ્યની શાળાઓમાં વિવિધ વિષયો પર વકતૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. શાળાઓમાં યોજાનાર વકતૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધામાં સુશાસન થકી વિકાસ, શાંતિ, શક્તિ અને સમૃદ્ધિને સમર્પિત ગુજરાત, સ્ટાર્ટ અપ થકી સમૃદ્ધિ, ક્લાઈમેટ ચેન્જ અને પર્યાવરણ સંતુલન, મહિલા સશક્તીકરણ- ગુજરાતનું ગૌરવ, પુન:પ્રાપ્ય ઊર્જા- નવો સૂર્યોદય, ગુજરાતના વિકાસમાં પ્રવાસનની ભૂમિકા, સ્ટેચ્યુ ઓફ યુનિટી- ઊંચાઈ અને એકતા, મારા સ્વપ્નનું વિકસિત ગુજરાત, એક ભારત શ્રેષ્ઠ ભારત, આત્મનિર્ભર ભારતની મારી સંકલ્પના, દેશના વિકાસનું ગ્રોથ એન્જિન-ગુજરાત, વિકાસનું ધ્યેય - રાષ્ટ્ર પ્રથમ, સર્વાંગી અને સમાવેશી વિકાસ અને અવિરત વીજળી- અવિરત વિકાસ જેવા વિષયો નક્કી કરવામાં આવ્યા છે. જેમાં તમામ શાળાઓ અને વિદ્યાર્થીઓ ભાગ લઈને વિકાસ સપ્તાહની ઉજવણીમાં પોતાની ભાગીદારી નોંધાવશે.

## ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા કલેક્ટર સહિતના અધિકારીઓએ લીધા શપથ



**વડોદરા** : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સફળ અને સક્ષમ નેતૃત્વના ૨૩ વર્ષ પૂર્ણ થવાના અવસર નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા થઈ રહેલી વિકાસ સપ્તાહની ઉજવણીના ઉપલક્ષ્યમાં કલેક્ટર કચેરી ખાતે જિલ્લા સમાહર્તા બિજલ શાહ સહિતના અધિકારીઓ અને કર્મયોગીઓએ ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે શપથ ગ્રહણ કર્યા હતા. આ જ અનુસંધાને જિલ્લા પંચાયત ખાતે પણ જિલ્લા વિકાસ અધિકારી મમતા હિરપરાના અધ્યક્ષ સ્થાને અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. કલેકટર કચેરી ખાતે કલેકટરશ્રી બીજલ શાહના અધ્યક્ષ સ્થાને ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. વડોદરા જિલ્લાની તમામ કચેરીમાં ફરજ બજાવતા અધિકારીશ્રીઓ અને કર્મયોગીઓએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી. વિકાસ સપ્તાહ અંતર્ગત કલેકટરશ્રી બીજલ શાહએ જણાવ્યું હતું કે, ૦૯ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજથી તાલુકા કક્ષાની તમામ કચેરીઓ તથા પેટાકચેરીઓ સાથે ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવશે સાથે જ તા.૧૦ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ ગ્રામ્ય કક્ષાએ પણ ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવશે. આ કાર્યક્રમમાં તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ સહિત જિલ્લા તથા તાલુકાના નાગરિકો જોડાશે. આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર ડો. બી. એસ. પ્રજાપતિ તેમજ નાયબ કલેક્ટર અમિત પરમાર સહિત અધિકારી, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગેરેજનો કીટના ઉપયોગથી પોતાનો બિઝનેસ કરીને આત્મનિર્ભર બનીશ: જીગ્નેશભાઈ

**વડોદરા** : સમાજમાં આર્થિક રીતે પછાત વર્ગના સમુહને પુરતી આવક અને સ્વરોજગાર ઊભા કરવા માટે જરૂરી સાધાન સામ્રગી આપવામાં આવે છે. આ યોજના ગરીબી રેખા નીચે જીવતી વ્યકિતઓને કારીગરોની આર્થિક સ્થિતિ સુધારવા માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો પહોંચે તેને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. માનવકલ્યાણ યોજના દ્વારા સમાજનો અંતિમ હરોળનો નાગરિક આત્મનિર્ભર બને સાથે જ આર્થિક રીતે મજબુત બની શકે તે માટે નાણાકીય સહાય તેમજ તાલીમ આપવામાં આવે છે. જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં માનવકલ્યાણ યોજના હેઠળ સ્વરોજગાર માટે ગેરેજની કીટ આપવામાં આવી. જેના દ્વારા તેઓ પોતાની જાતે જ બિઝનેસ ચલાવી શકે તે માટે જરૂરી સાધનો આપવામાં આવ્યા છે. લાભાર્થી જીગ્નેશભાઈ રાવલ જણાવી રહ્યા છે કે, મારી આર્થિક પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. મારે પોતાનો બિઝનેસ કરવો હતો પરંતુ આર્થિક પરિસ્થિતિના લીધે મેં રોકાઈ ગયો હતો. પરંતુ મને જ્યારે સરકારકશ્રીની આ યોજના વિશે જાણ થઈ ત્યારે તરત જ આ યોજના માટે અરજી કરી દીધી હતી. હવે મને ગરીબ કલ્યાણ મેળામાં ગેરેજની કીટનો લાભ મળતા મેં પોતાનો ગેરેજનો બિઝનેસ શરૂ કરી શકીશ. તેમણે હર્ષભેર સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.



ગુજરાતમિત્ર
ગતિવિધિ
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' વડોદરા પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર, પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
સરનામુ :- 28/29, બીજો માળ, હિરાવંતી ચેમ્બર્સ, આર્યકન્યા મહાવિદ્યાલય સામે, કારેલીબાગ, વડોદરા. (ફોન : 0265-2462584)
આપ અમને ઈ-મેલ પણ કરી શકો છો! gmbrdpressnote@gmail.com

શહેરના હાઇવે નજીકનો વિસ્તાર હોય આસાનીથી પ્રવેશી તથા બહાર નિકળી શકાય

# પૂર્વ વિસ્તારમાં રાત્રે હથિયારો સાથે તસ્કરો આવતા હોવાની વાતે લોકો જાગવા મજબૂર

**નવરાત્રી** ચાલતી હોય લોકો મકાન બંધ કરી ગરબા રમવા જતાં હોય તસ્કરો ચોરીના ઇરાદે આવતા હોવાની વાતે લોકો ગરબામાં જતાં ખચકાય છે



(પ્રતિનિધી) વડોદરા તા. 08 હાલમાં એક તરફ આસો નવરાત્રી ચાલી રહી છે લોકો ગરબા રમવા શહેરના વિવિધ ગરબા સ્થળોએ જતાં હોય છે કોઈ પોતાના મકાન બંધ કરીને જાય છે તો કેટલાક વૃધ્ધો કે જે લોકો ગરબા નથી રમતા તેવા ઘરના સભ્યોને બાદ કરતાં લોકો ગરબા રમવા અને જોવા માટે જાય છે બીજી તરફ શહેરના પૂર્વ વિસ્તારમાં હાઈવે થી નજીક આવેલા વાઘોડિયારોડ, સોમાતળાવ જેવા વિસ્તારમાંની સોસાયટીઓમા, રહેણાંક વિસ્તારોમાં હથિયારો સાથે તસ્કરો આવતા હોવાની વાતે સોસાયટીના લોકો રાત્રી જાગરણ કરી રહ્યાં છે.

કેટલાક શેરી ગરબા તો વહેલા બંધ કરી દેવાય છે અહીં લોકો લાકડીઓ સાથે રાત્રી જાગરણ કરે છે તો કેટલાક સોસાયટીમાં રાત્રે બાર પછી સન્નાટો વ્યાપી રહ્યો છે. લોકો તસ્કરોની વાતો ફેલાતા ભય અનુભવી રહ્યા છે. ખાસ કરીને સિનિયર સિટીઝન્સ, એકલવાયું રહેતા લોકો તો ગરબા જોવા જવા કે રમવાનું પણ હવે ટાળી રહ્યાં છે. અહીં હાઈવે નજીક હોવાને કારણે આસાનીથી બહારથી હાઈવે નજીકના સોસાયટીઓમાં પ્રવેશી કે ભાગી શકાય તેવી ભૌગોલિકસ્થિતિ છે. હજી ઠંડીની શરૂઆત થઈ નથી અને તસ્કરો આવતા હોવાની વાતે હાઈવે નજીકના રહેણાંક વિસ્તારમાં લોકોમાં એક પ્રકારના ભયની લાગણી જોવા મળી રહી છે.

બીજી તરફ શહેરના હાઈવે નજીક શહેરમાં પ્રવેશતા વિસ્તારોમાં પોલીસ ચોકીઓ આવેલી છે જ્યાં રાત્રે પોલીસ સ્ટાફ વધારી બેરીકેટીંગ કરી વાહનોની તપાસ કરવામાં આવે તો મહદઅંશે ચોરી લૂંટફાટ જેવી ઘટનાઓ પર અંકુશ રાખી શકાય.

બાઇક પાર્ક કરી બેડમિન્ટન રમવા ગયા હતા

## બરોડા મેડિકલ કોલેજના એન્ટ્રી ગેટ પાસેથી તબીબના બાઈકની ચોરી

**બીજા** દિવસે પોતે પાર્ક કરેલ જગ્યાએ મોટરસાયકલ લેવા પહોંચ્યા પરંતુ જણાઇ નહોતી



(પ્રતિનિધી) વડોદરા તા. 08 મધ્ય ગુજરાતની સૌથી મોટી હોસ્પિટલ વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે મેડિકલ કોલેજના એન્ટ્રી ગેટ પાસે થી તબીબ વિધ્યાર્થીના મોટરસાયકલની ચોરી થતાં રાવપુરા પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત અહેવાલ અનુસાર, વડોદરા શહેરના એસ.એસ.જી.હોસ્પિટલમાં મૂળ અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સાગર અલ્પેશકુમાર મહેતા (ઉ.વ.22) હાલમાં મેડિકલ બોઈઝ હોસ્ટેલમાં રહી એમ.બી.બી.એસ.માં ઈન્ટર્નશીપમા અભ્યાસ કરે છે તેઓ ગત તા. 04થી ઓક્ટોબરે પોતાની હોન્ડા કંપનીના મોટરસાયકલ રજી. નં. જી.જે.31-પી. 0447 જેની અંદાજે કિંમત રૂ.65000 લઈ એસ.એસ. જી.હોસ્પિટલના મેડિકલ કોલેજના એન્ટ્રી ગેટ પાસે પાર્ક કરી બેડમિન્ટન રમવા ગયા હતા રમત દરમિયાન પગે ઈજા થતાં સાગર પોતાના મિત્ર વેદ પટેલની મોટરસાયકલ પર ઘરે ગયેલ બીજા દિવસે તા.05મી ઓક્ટોબરે સાંજે પોતે પાર્ક કરેલ જગ્યાએ મોટરસાયકલ લેવા પહોંચ્યા હતા જ્યાં મોટરસાયકલ જણાઈ આવેલ નહોતી જેથી આસપાસ શોધખોળ છતાં ન મળતાં વાહન ચોરી અંગેની ફરિયાદ રાવપુરા પોલીસ સ્ટેશને નોંધાવી હતી જે અંગેની તપાસ રાવપુરા પોલીસે હાથ ધરી છે.

જરોદ પોલીસે ગણતરીના કલાકોમા ભેદ ઊકેલ્યો

## આસોજમાં થયેલી કોપરના પ્લેટોની ચોરીનો ભેદ ઊકેલાયો

(પ્રતિનિધી) વાઘોડિયા, તા.8 અજાણ્યા ચોર ઈસમે વેસ્ટ રોડ વેજ કોર્પોરેશની ટ્રાન્સપોર્ટ ગાડીમાંથી કોપરની પ્લેટો ચોરી જતાં ટ્રાન્સપોર્ટ માલીકે જરોદ પોલીસમા ફરીયાદ નોંધાવી હતી. દહેજ બિરલા કોપર કંપની માંથી ખરાઈ કર્યા બાદ ટ્રેલર ગાડીમા કોપરની પ્લેટો ભરી જરોદના આસોજ ગામે બિરલા કોપર પ્રા. લીની કંપનીમાં ખાલી કરતી વખતે ગાડીમાંથી 860 નંગ 1. 50 kgની પ્લેટો જેની કી.129000 ની પ્લેટો ચોરી થયા અંગે જરોદ પોલીસે ફરીયાદ નોંધ્યા બાદ ટ્રેલરમા લગાડેલ GPSઅને CCTVની મદદથી જરોદ પોલીસની તપાસ દરમ્યાન પ્લેટ ચોરી અંગેની શંકા ડ્રાઈવર પર મજબુત બનતા ડ્રાઈવરને શંકામા દાયરામા પુછપરછ કરાતા કોપર પ્લેટો ચોરીનો ભેદ ઊકેલાયો હતો. ટ્રાન્સપોર્ટના ડ્રાઈવર શિવ દલબહાદુરસિંઘ ઠાકુર, ઉ.વ.-૩૪, ધંધો-ડ્રાયવિંગ, હાલ



રહે- રાજ ટ્રાન્સપોર્ટ, ભરુચ મુળ રહે. ગૌરા ડેલા ભંગારનો ધંધો કરનાર શાહરુખ વારીસ પઠાણ, ઉ.વ.૨૬, ધંધો- ભંગારી તથા મોનીસ લીયાકત પઠાણ, ઉ.વ.-૨૫, ધંધો- ભંગારી તથા ફુરકન યુસૂફ પઠાણ, ઉ.વ.-૨૦, ધંધો- ભંગારી રહે- આઇ માતા હોટલ પેલેસ, પોર, તા.-કરજણ, જી.- વડોદરા, મુળ રહે.-ક્રિયાવાલી ગામ, તા.-જી.- બુલંદશહેર (યુ.પી.) નાઓ સાથે મડી કોપર ચોરી કરી હતી. જરોદ પોલીસે આ ગુનામાં કુલ ચાર ઈસમોની અટકાયત કરી છે.

## ભૂલી પડી ગયેલી મહિલાને સુરક્ષિત આશ્રય અપાવતી બાપોદ અભયમ ટીમ

(પ્રતિનિધી) વડોદરા, તા.8 ગતરોજ સેવાભાવી વ્યક્તિ દ્રારા 181 મહિલા હેલ્પ લાઈનમાં ફોન કરીજણાવ્યું હતું કે, નાના બાળક સાથે એક મહિલા ભૂલા પડી ગયેલ છે જેને મદદની જરૂર છે એવું જાણવા મળતા 181 ટીમ ઘટનાસ્થળ પર પહોંચી હતી.

જ્યાં મહિલા ગભરાયેલ હોવાથી અભયમ ટીમ દ્વારા પ્રેમભાવથી વાતચીત કરતા મહિલાએ જણાવ્યુ હતું કે, તેણીની કાલોલના છે. મહિલા સાથે અઢી વર્ષનું નાનું બાળક પણ હતું. તેમના પતિ નાની નાની વાતમાં ઝગડો કરતો હતો અને મારપીટ પણ કરતો હતો જેથી પિયરમાં જવા માટે મહિલા નીકળેલ પરંતુ બાળક સાથે ચિંતામાં વડોદરા કઈ રીતે પોહચ્યાં તેનો એમને કોઈ ખ્યાલ નહોતો આવ્યો. અને વધુંમાં મહિલા પાસે પરિવારનો ફોન નંબર પણ નહોતો જેથી અભયમ ટીમે નાનું બાળક હોવાથી મહિલાને સુરક્ષા માટે અને આશ્રય માટે ઓ.એસ.સી સેન્ટરમાં સુરક્ષિત સોપ્યા છે.

એક્ટીવા ઉભી રખાવી ધારદાર હથિયાર મારી ગળા તથા હોઠના ભાગે ઇજા પહોંચાડી

## અમરતપુરા ગામે રાતે 1.75 લાખની હુમલો કરી લૂંટ કરનાર ઝડપાયો

**લબર** મુછિયા લુટારાને આમોદર સ્ટાંન્ઝા હોસ્ટેલ નજીકથી ઝડપી પાડતી વાઘોડિયા પોલીસ


આરોપી

(પ્રતિનિધી) વાઘોડિયા, તા.8 વાઘોડિયાના અમરતપુરા ગામે પાસે ધાર દાર હથિયાર બતાવી યુવકની એકટીવા પર બેસી આવનાર ઈસમે લૂંટી લેતા પોલીસ ફરિયાદ આધારે લુટારુ જય યોગેશકુમાર પરમાર (19) રહે:બી. ૦૮, અરિહંત સોસાયટી હરણી વારસીયા રીંગ રોડ,વડોદરાને વાઘોડિયા વડોદરા રોડ પર આમોદર પાસે આવેલ સ્ટાંઝા હોસ્ટેલ નજીક બાતમીના આધારે ધરપકડ કરી હતી. જય ઉર્ફે જતીન રાજેશભાઈ પરમાર ઉંમર વર્ષ 25 ધંધો નોકરી A/7 સત્યમ નગર ગંગોત્રી પાર્ટી પ્લોટ પાસે સમા સાવલી રોડ વડોદરના મહિલા મિત્રથી જય યોગેશકુમાર પરમારના સંપર્કમા આવ્યા બાદ જય યોગેશકુમાર પરમારે જતીનને રૂપિયામાંથી ડોલર તથા ડોલરમાંથી રૂપિયા એકચેન્જ કરાવી વધુ પૈસા કમાવવાની લાલચ આપી મિત્રતા કેળવી પિતાની નવી બનતી જરોદ નજીકની સિધ્ધેશ્વર સાઈટ પર પિતાને બે લાખ પોતાના અને બે લાખ જતીનના મળીને કુલ ચાર લાખ આપીશુ તો બાવીસ લાખ મળશે તેમ કહિ પોતાની પાસે પિતાની સાઈટ પર જવા માટે વ્હિકલ ન હોય જતીનની એકટીવા પર જરોદ તરફ આવવા માટે ગોલ્ડન ચોકડી થી આજવા ચોકડી થઈ નિમેટા થી રવાલ થઈ અમૃતપુરા પાસે આવતા શાંતિલાલ ભઈલાલભાઈ વસાવા ના ખેતર પાસેના રોડ પર જય યોગેશ પરમારે પોતાના પગમાં ખાલી ચડી હોવાનુ બહાનુ બતાવી જતીનને એકટીવા ઉભી રખાવી પાછળ બેઠેલા જય યોગેશકુમાર પરમારે કોઈ ધારધાર હથિયાર જતીનના ગળાના ભાગે તથા હોઠના ભાગે ઈજા પહોંચાડી એકટીવા પર મુકેલા ૧,૭૪,૫૦૦ રુપીયાની કાળા કલરની બેગની લુટ કરી રાત્રીના અંધારામાં ફરાર થઈ ગયો હતો.

ઘટના બાદ જતીન એકટીવા લઈ સારવાર કરાવી જય યોગેશકુમાર પરમાર સામે વાઘોડિયા પોલીસ મથકે લુટ નો ગુનો નોંધાવ્યો હતો. વાઘોડિયા પોલીસે ગણતરીના કલાકોમાં જય યોગેશકુમાર પરમારને બાદમી ના આધારે વાઘોડિયા વડોદરા રોડ પર આવેલ આમોદર પાસે સ્ટાંઝા હોસ્ટેલ નજીકથી ઝડપી પાડ્યો હતો.

વિદિશા આજે સંપૂર્ણ તંદુરસ્તી સાથે ધો.૧૦માં અભ્યાસ સાથે કરી રહી છે

# બાળકીને હૃદયરોગની સારવાર માટે PMએ બેંગ્લુરુ મોકલતા મળ્યું નવજીવન

**વડોદરાની** વિદિશા નાયકને ૧૮ વર્ષ પહેલા વિશેષ કિસ્સામાં બેંગ્લુરુ સારવાર કરાવવા માટે તત્કાલીન મુખ્યમંત્રીએ દાખવી હતી ખેવના



(પ્રતિનિધી) વડોદરા, તા.8 ૨૦૦૭નું વર્ષ વડોદરાના નાયક પરિવાર માટે બહુ કપરૂ રહ્યું. ઠાકોરભાઇ હોસ્પિટલમાં દાખલ કરાયેલા વિદ્યાબેન નાયકને માત્ર ૧.૬ કિલોગ્રામ વજન ધરાવતી બાળકીનો જન્મ થયો. દીકરના અવતરણને નાયક પરિવારે વધાવી તો લીધું પણ, બાળકીને તુરંત બાળકોના આઈસીયુમાં ખસેડવી પડી. તબીબી પરિક્ષણ થતાં માલૂમ પડ્યું કે, બાળકીને હૃદયમાં એક વેઈન જ નથી.

બાળકીના પિતા સુરેશભાઇ નાયક અને પરિવારે હોસ્પિટલ બદલી. કારેલીબાગમાં આવેલી એક ખાનગી હોસ્પિટલમાં બાળકી અને તેની માતાને દાખલ કર્યા. નાયક પરિવાર ઉપર આફત આવી પડી. બાળકી કુદરત સાથે સંઘર્ષ કરી રહી હતી. આવા જ સંજોગોમાં જ બાળકીનું નામ રાખવામાં આવ્યું વિદિશા.

હવે વિદિશાની સ્થિતિની વાત તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીની પાસે પહોંચી. બેટી બચાવો, બેટી પઢાવોના પ્રણેતા નરેન્દ્ર મોદીએ વિદિશાની સારવાર શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ વિશેષ કિસ્સામાં સારવાર કરાવવા માટે આરોગ્ય વિભાગને સૂચના આપી. એક નવજાત બાળકીને બચાવવા માટેનો આ નિર્ણય મહત્વપૂર્ણ રહ્યો. આરોગ્ય વિભાગ દ્વારા વિદિશાની સારવાર સરકારી ખર્ચે કરાવવાનો નિર્ણય થતાંની સાથે જ તેને અમદાવાદ સ્થિત યુ. એન. મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. ત્યાં વિદિશાની સારવાર શરૂ થઈ. તજજ્ઞ તબીબો દ્વારા વિદિશાના હૃદયનું પરિક્ષણ કરવામાં આવ્યું. પણ, માત્ર કેટલાક માસની બાળકીના હૃદયની સારવાર ત્યાં થઇ શકે એમ નહોતી. હવે વિદિશાની સ્થિતિ અંગેની વિગતો ફરી નરેન્દ્ર મોદી પાસે પહોંચી. તો ખબર પડી કે બેંગ્લુરુની નારાયણ હૃદયાલયમાં સારવાર થઇ શકે એમ છે. મોદીએ તુરંત વિદિશાની સારવાર સરકારી ખર્ચે કરાવવા માટે મંજૂરી આપી.

નાયક દંપતી માટે બેંગ્લુરુની ટિકિટ આવી ગઇ. તેઓ નાની એવી વિદિશાની લઇ પહોંચ્યા નારાયણ હૃદયાલય. આ હોસ્પિટલના ચેરમેન ડો. દેવીપ્રસાદ શેટ્ટી દેશના જાણિતા કાર્ડિઓલોજીસ્ટ છે. તેમના દ્વારા વિદિશાની સારવાર શરૂ કરવામાં આવી. એક દિવસે વિદિશાનું ઓપરેશન કરવામાં આવ્યું. કલાકો સુધી ઓપરેશન ચાલ્યું. શરીરમાંથી હૃદયને બહાર કાઢવામાં આવ્યું. તેના ઉપર શસ્ત્રક્રિયાઓ કરી સામાન્ય કરવામાં આવ્યું. ઓપરેશન બાદના કેટલાક દિવસો પછી વિદિશા ચેતનવંતી બની. એટલે નાયક દંપતીને રાહત થઈ.

## રેલવે દુર્ગા પૂજા, દિવાળી અને છઠ પૂજા દરમિયાન 6556 વિશેષ ટ્રેનો દોડાવશે

(પ્રતિનિધી) વડોદરા, તા.8 ભારતીય રેલ્વે આ વર્ષે 1 ઓક્ટોબરથી 30 નવેમ્બર, 2024 સુધી દુર્ગા પૂજા, દિવાળી અને છઠ પૂજા દરમિયાન મુસાફરોની સરળ મુસાફરીની સુવિધા માટે 6556 સ્પેશિયલ ટ્રેનો ચલાવવા માટે તૈયાર છે. તહેવારો દરમિયાન દર વર્ષે સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવે છે અને આ વર્ષે મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને ટ્રેનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. તેમાંથી પશ્ચિમ રેલ્વે 106 ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો સાથે 2315 ટ્રીપ ચલાવી રહી છે, જે હજુ પણ સમગ્ર ભારતીય રેલવેમાં સૌથી વધુ છે.

નોંધનીય છે કે દુર્ગા પૂજા, દિવાળી અને છઠના તહેવારો દરમિયાન દેશભરમાં લાખો પ્રવાસીઓ પ્રવાસ કરે છે. તેમને સરળ અને આરામદાયક મુસાફરી પ્રદાન કરવા માટે, ભારતીય રેલવેએ આ વર્ષે ફરીથી આ સ્પેશિયલ ટ્રેનો ચલાવવાની તૈયારી કરી છે. આગામી બે મહિનામાં આ સ્પેશિયલ ટ્રેનો મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાનો સુધી પહોંચાડશે. ગયા વર્ષે, ભારતીય રેલ્વેએ કુલ 4429 ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો દોડાવી હતી.

માનવતા કેમ્પેઇન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સહાય

## સ્લમ વિસ્તારના બાળકોને ટ્રેડિશનલ ડ્રેસનું વિતરણ કરાયું

**જાંબુઘોડા,** ખૂંટિયા અને ખેડાકરમસિયા જેવા ઘણાંબધાં અંતરિયાળ ગામો ખાતે સેવા કરાઇ



(પ્રતિનિધી) વડોદરા, તા.8 વડોદરાના પૂર્વ વિસ્તારમાં વિશેષ ખ્યાતિ પામેલી અને સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી સંસ્થા ₹માનવતા કેમ્પેઇન ચેરીટેબલ ટ્રસ્ટ છેલ્લા પાંચ -છ વર્ષથી શારદીય નવરાત્રિ મહોત્સવ દરમ્યાન સ્લમ વિસ્તારના શ્રમજીવી અને જરૂરતમંદ પરિવારના બેલી બનતા હોવાનું સંસ્થાના સ્થાપક પ્રેસિડેન્ટ મમતાબેન શાહ સાથેની વાતચીતમાં જાણવા મળ્યું છે.

તેઓએ સંસ્થાની આ પ્રવૃત્તિ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, માનવતા કેમ્પેઇન ચેરીટેબલ ટ્રસ્ટ, એ મારા પારિવારિક સ્વજનો અને કેટલાક વેપારી મિત્રોને સાથે રાખીને માનવતાના ઉમદા સામાજિક સેવા કાર્યોના ઉદ્દેશ સાથે સ્થાપવામાં આવેલી સંસ્થા છે. નવલી નવરાત્રિ નિમિત્તે અગાઉના વર્ષોની માફક અમારી સંસ્થા દ્વારા ચાલુ વર્ષે શહેરના સ્લમ વિસ્તાર અને જિલ્લાના અંતરિયાળ ગામોમાં ૪૦૦ ઉપરાંત કુંવારી કન્યાઓ અને બાળાઓને તદ્દન નવા નક્કોર ચણીયા ચોળીનું વિતરણ થઈ રહ્યું છે.

તેવી જ રીતે બાળ ખેલૈયાઓમાં પણ નવા કેડિયા-ઝભ્ભા તેમજ ધોતી જેવા ટ્રેડિશનલ ડ્રેસનું વિતરણ કરવાનું આયોજન છે. વળી, શહેર ઉપરાંત જિલ્લાના જાંબુઘોડા, ખૂંટિયા અને ખેડાકરમસિયા જેવા ઘણાંબધાં અંતરિયાળ ગામો ખાતે પ્રાથમિક શાળાઓમાં પણ ગરબા માટેના ટ્રેડિશનલ ડ્રેસીઝનું વિતરણ નવરાત્રિના પ્રથમ નોરતેથી જ આઠમ સુધી આ ટ્રેડિશનલ ડ્રેસીસના વિતરણના કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

# યુનિ.માં FYના ફર્સ્ટ મીડ સેમેસ્ટરના CEE પરીક્ષાની તારીખ જાહેર કરાઈ

**પ્રથમ** સેમેસ્ટરની આ પરીક્ષા 14 ઓક્ટોબરથી 19 ઓક્ટોબર દરમિયાન યોજાશે



( પ્રતિનિધિ )વડોદરા, તા.8 વડોદરા શહેરની વિશ્વવિખ્યાત મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીમાં ફેકલ્ટી ઓફ કોમર્સની એફવાય બીકોમ ના ફર્સ્ટ સેમેસ્ટરની મીડ સેમેસ્ટર સીઈઈ પરીક્ષાની તારીખ 14 ઓક્ટોબરથી 19 ઓક્ટોબર દરમિયાન યોજવામાં આવશે. જે વિદ્યાર્થીઓએ આઈ કે એસ વિષયમાં ઓફર થતા વિષયોમાંથી કોઈ પણ એક વિષયની પસંદગી નહીં કરી હોય તેમના સીટ નંબર યુનિવર્સિટી દ્વારા જનરેટ કરવામાં આવશે નહીં, તથા તેમણે મેડ સેમેસ્ટર સીઈઈ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. આવા વિદ્યાર્થીઓએ તારીખ 10 ઓક્ટોબર ગુરૂવાર સુધીમાં પોતાના લોગીનમાં જઈ આઈકેએસ વિષયની પસંદગી કરવાની રહેશે તેમ યુનિવર્સિટી સત્તાધીશો દ્વારા જણાવવામાં આવ્યું છે.

**આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉ આઇડીએફસી બેંક લિમિટેડ તરીકે ઓળખાતી) | CIN: L65110TN2014PLC097792
નોંધાયેલ ઓફિસ:- KRM ટાવર્સ, 7મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-600031. ટેલિફોન: +91 44 4564 4000 | ફેક્સ: +91 44 4564 4022
IDFC FIRST Bank

પરિશિષ્ટ-IV-A [નિયમ 8 (6) અને 9 (1)ની જોગવાઈ જુઓ] સ્થાવર મિલકતોના વેચાણ માટેની વેચાણ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર અસ્કયામતોના વેચાણ માટેની ઇ-ઓક્શન સેલ નોટિસ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 8 (6) અને 9(1) ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે.
આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને ઋણ લેનાર (ઓ), સહ-ઋણ લેનાર (ઓ) અને બાંયધરી આપનાર (ઓ)ને કોલમ (iii) મુજબ નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો કોલમ (iv) સિક્યોર્ડ ક્રેડિટરે મોર્ગેજ/ચાર્જ કરેલ છે, જેનો કબજો અગાઉ આઇડીએફસી બેંક લિમિટેડ તરીકે ઓળખાતીના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તે "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ", અને "જે છે તે" આધારે આઇડીએફસી ફર્સ્ટ બેંક (અગાઉ આઇડીએફસી બેંક લિમિટેડ તરીકે ઓળખાતી)ને કોલમ (i) મુજબ ઉધાર લેનાર (ઓ) અને સહ-ઋણ લેનાર (ઓ) પાસેથી બાકી રકમની વસૂલાત માટે અહીં વર્ણવેલ મુજબ વેચવામાં આવશે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને આઇડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઇટ એટલે કે www.idfcfirstbank.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| અ. નં. | (i) ડિમાન્ડ નોટિસની રકમ | (ii) એગ્રીમેન્ટ આઈડી | (iii) ઉધાર લેનાર (ઓ), સહ-ઉધાર લેનાર (ઓ) અને બાંયધરી આપનારા(ઓ)નું નામ | (v) અનામત કિંમતની રકમ | (vi) EMD રકમ | (vii) હરાજીની તારીખ અને સમય | (viii) EMD હરાજીની તારીખ અને સમય | (ix) નિરીક્ષણની તારીખ અને સમય | (x) અધિકૃત અધિકારીનું નામ અને સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | INR 7915227.14/- Demand Notice dated: 11-Jun-2022 | 17811234 & 34065654 | નેક્ડ જીન્સ પ્રાઇવેટ લિમિટેડ, મનીષ સુરેશચંદ્ર અગ્રવાલ અને નેહા મનીષકુમાર અગ્રવાલ | INR 3825300.00/- | INR 382530.00/- | 12-Nov-2024 11.00 AM to 1.00 PM | 11-Nov-2024 10.00 AM to 5.00 PM | 07-Nov-2024 10:00 AM To 4:00 PM | નામ- દિપેશ મુખર્જી સંપર્ક નંબર- 9583956305 નામ- ચિન્મય આચાર્ય સંપર્ક નંબર-9574448844 |

(iv) મોર્ગેજ પ્રોપર્ટી સરનામું: સ્થાવર મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ એટલે કે ઓપન પ્લોટ નંબર 1, માપન 12681 ચો. ફૂટ (1178.15 ચોરસ મીટર), લેન્ડ બેરિંગ સર્વે નંબર 11, 12, 13, 15, 16, અને 16 પૈકી 1માં કૃષિવ ફાર્મ્સમાં પ્લોટ વિસ્તાર, ગામની સિમમાં: કનોડા, તાલુકો: સાવી, જિલ્લો: વડોદરા, અને આ રીતે બંધાયેલ:- પૂર્વ: પ્લોટ નંબર 21, પશ્ચિમ: પ્લોટ O. 2, ઉત્તર: 12 મીટર રોડ અને દક્ષિણ: ઈશ્વરભાઈ પરમારની ખેતીની જમીન

ડિસ્ક્લેમર: મહેરબાની કરીને નોંધ કરો કે ઉપરોક્ત નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે જારી કરવામાં આવી છે અને આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ પાસે સ્થાવર મિલકત પર હાજર જંગમ સંપત્તિ, જો કોઈ હોય તો તે વેચાણ કરવાનો કોઈ અધિકાર નથી.

Sd/-
અધિકૃત અધિકારી
તારીખ: 09.10.2024
આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ આઇડીએફસી બેંક લિમિટેડ તરીકે ઓળખાતી)